| | | |
|---|---|---|
| | ની ખરી નકલ | |
| ૭ | પ્રતિવાદીના રહેણાંક મકાનનું ચેકીંગ કરેલ તેના સ્થળ રોજકામ ની ખરી નકલ | ૧૫ |
| ૮ | પ્રતિવાદીના રહેણાંક મકાનનું ચેકીંગ કરેલ તેના સ્થળ પરના નકશાની ખરી નકલ | ૧૬ |
| ૯ | પ્રતિવાદીના સ્થાનીક જગ્યાના ફોટોગ્રાફીના પ્રમાણપત્રની ખરી નકલ | ૧૭ |
| ૧૦ | એનેક્ષર - ૪ ની ખરી નકલ | ૧૮ |
| ૧૧ | ગેઈટ પાસની ખરી નકલ | ૧૯ |
| ૧૨ | જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન જામનગરમાં આપેલી કોગ્નિઝેબલ ગુન્હાની ફરીયાદની ખરી નકલ | ૨૦ |
| ૧૩ | એફ.આઈ.આર. ના ઉતારાની ખરી નકલ | ૨૧ |
| ૧૪ | પ્રતિવાદીને મોકલેલ પુરવણી બીલ ની ખરી નકલ | ૨૨ |
| ૧૫ | પ્રતિવાદીને મોકલેલ પુરવણી બીલની પોસ્ટની એકનોલેઝમેન્ટ અસલ | ૨૩ |
| ૧૬ | પ્રતિવાદીને આપેલ તા.૧૩/૦૫/૨૦૨૪ ની લીગલ નોટીસની સ્થળપ્રત | ૨૪ |
| ૧૭ | પ્રતિવાદીને મોકલેલ લીગલ નોટીસની પોસ્ટની એકનોલેઝમેન્ટ અસલ | ૨૫ |
| ૧૮ | વાદી સંસ્થા વતી ડેપ્યુટી ઈજનેર ને દાવો દાખલ કરવાની સતા આપતા પરીપત્ર ની ખરી નકલ | ૨૬ |
| ૧૯ | જામનગરના કાર્યપાલક ઈજનેરે ધ્રોલ સબડીવીજન શહેરના ડેપ્યુટી ઈજનેરનો ચાર્જ ધ્રોલ સબડીવીજન ગ્રામ્યના ડેપ્યુટી ઈજનેર ટી.એ.સોનીને સોંપેલ તે પત્રની ખરી નકલ | ૨૭ |

**પ્રિન્સીપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**

meaning of law about the entries made in the ledger.

આમ, ઉપરોક્ત જણાવેલ ચુકાદો તથા હાલના કેસમાં રજુ થયેલ રેકર્ડ પરના પુરાવાને ધ્યાને લેતા, વાદીએ પ્રતિવાદી પાસેથી રૂ.૧૫૨૪૫.૮૧ (અંકે પંદર હજાર બસ્સો પિસ્તાલીસ રૂપિયા અને એકયાસી  પૈસા પુરા) વસુલ મેળવવા હકકદાર છે તેવું સાબીત થાય છે.

હાલના દાવા અરજીની દાદ મુજબ વાદીએ પ્રતિવાદી પાસેથી દાવા તારીખ થી રકમ વસુલ થતા સુધી નું દાવા રકમ રૂ.૧૫૨૪૫.૮૧ (અંકે પંદર હજાર બસ્સો પિસ્તાલીસ રૂપિયા અને એકયાસી  પૈસા પુરા) પર વ્યાજ સાથેની રકમની માંગણી કરેલ છે. આ તબક્કે સીવીલ પ્રોસીજર કોડની કલમ-૩૪ ધ્યાને લેતા વાદીની પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ રૂ.૧૫૨૪૫.૮૧ (અંકે પંદર હજાર બસ્સો પિસ્તાલીસ રૂપિયા અને એકયાસી  પૈસા પુરા) ઉપર વાર્ષિક ૬% વ્યાજ સહીત હાલનો દાવો દાખલ કર્યા તારીખથી રકમ વસુલ થતા સુધીનો કરવો ન્યાયોચીત જણાય છે.

આમ, રેકર્ડ પર ના સમગ્ર પુરાવા, દલીલો, કાયદાકીય જોગવાઈઓ, પક્ષકારોના કેસના ગુણદોષ ના આધારે તેમજ ઉપરોક્ત જણાવેલ નિર્ણયના કારણો ધ્યાને લેતા મુદ્દા નંબર ૧ અને ૨ નો જવાબ હકારમાં, મુદ્દા નંબર ૩ અને ૪ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નંબર ૫ માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

1. વાદીનો દાવો મંજુર કરવામાં આવે છે.

2. પ્રતિવાદીએ વાદીને રૂપીયા ૧૫૨૪૫.૮૧/- (અંકે પંદર હજાર બસ્સો પિસ્તાલીસ રૂપિયા અને એકયાસી  પૈસા પુરા) ચુકવી આપવા અન્યથા વાદી પ્રતિવાદીની માલ-મિલ્કત માંથી વસુલ મેળવી શકે તે મુજબનુ હુકમનામુ કરવામાં આવે છે.

3. પ્રતિવાદીએ વાદીને દાવો દાખલ તારીખથી રકમ વસુલ થતા સુધી રૂપીયા ૧૫૨૪૫.૮૧/- (અંકે પંદર હજાર બસ્સો પિસ્તાલીસ રૂપિયા અને એકયાસી  પૈસા પુરા) પર વાર્ષિક ૬% વ્યાજ ચુકવવાનું રહેશે.

4. પ્રતિવાદીએ રૂપીયા ૩૦૦૦/- દાવાનો ખર્ચ વાદીને ચુકવવાનો રહેશે જયારે પ્રતિવાદીએ દાવાનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.

**પ્રિન્સીપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**

